**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૨.૫ ડીગ્રી
લઘુતમ : ૨૩.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૧ ટકા ● સાંજે ૬૧ ટકા

# શ્રાદ્ધના છેલ્લાં ચાર દિવસ ખૂબ જ મહત્ત્વના રહેશે

## તારીખ ૨૩ સપ્ટેમ્બરે પિતૃઓનું નક્ષત્ર મઘા હોવાથી મહા શ્રાદ્ધ અને ૨૫ તારીખે સર્વપિતૃ અમાસ રહેશે





### આ રીતે શ્રાદ્ધ કર્મ કરી શકાય છે

સ્નાન કર્યા પછી કુતુપ કાળ એટલે બપોરે લગભગ ૧૨ વાગે શ્રાદ્ધ કર્મ કરવું જોઈએ. શ્રાદ્ધ દક્ષિણ દિશામાં મોં રાખીને કરવું જોઈએ. સળગતા છાણા ઉપર ગોળ-ઘી, ખીર અને ભોજન અર્પણ કરો. હાથમાં જળ લેવું અને તેમાં જવ, કાળા તલ, ચોખા, ગાયનું દૂધ, સફેદ ફૂલ અને જળ લઈને અંગૂઠા તરફથી પિતૃઓનું ધ્યાન કરીને અર્પણ કરો. જળ તાંબાના વાસણમાં અર્પણ કરવું જોઈએ. તે પછી ગાય, કૂતરા, કાગડા અને કીડીઓ માટે ઘરની બહાર ભોજન રાખો. જરૂરિયાતમંદ લોકોને ભોજન અને ધનનું દાન કરો. આ શ્રાદ્ધ કર્મ કરવાની સરળ વિધિ છે.

ગાંધીનગર, તા.૨૧

પિતૃ પક્ષના છેલ્લાં ચાર દિવસ ખૂબ જ ખાસ રહેશે. તેમાં દરરોજ ખાસ શ્રાદ્ધ કરવામાં આવશે. જેમાં ૨૨ તારીખે સંન્યાસીઓનું, ૨૩મીએ પિતૃઓનું નક્ષત્ર હોવાથી મઘા શ્રાદ્ધ, ૨૪મીએ અકાળ મૃત્યુ થયું હોય તેવા લોકોનું અને ૨૫ સપ્ટેમ્બરે બધા પિતૃઓનું શ્રાદ્ધ કરવા માટે સર્વપિતૃ અમાસ પર્વ રહેશે. આ પિતૃ પક્ષનો છેલ્લો દિવસ પણ હશે. આ ચાર દિવસોમાં શ્રાદ્ધ કરવાથી પિતૃઓ સંતુષ્ટ થઈ જાય છે.

**૨૨ સપ્ટેમ્બર, ગુરુવાર-**
આ દિવસે બારસ તિથિ રહેશે. જે લોકોએ સંન્યાસ લઈને ઘર છોડી દીધું, પછી તેમનું મૃત્યુ થઈ ગયું. આવા લોકોની મૃત્યુ તિથિ જાણ ન હોવાથી તેમનું શ્રાદ્ધ બારસ તિથિએ કરવું જોઈએ.

**૨૩ સપ્ટેમ્બર, શુક્રવાર-**
આ દિવસે તેરસ તિથિ અને મઘા નક્ષત્ર રહેશે. આ સંયોગમાં કરવામાં આવતા તર્પણ, પિંડદાન અને બ્રાહ્મણ ભોજનને મહાશ્રાદ્ધ અથવા મઘા શ્રાદ્ધ કહેવામાં આવે છે. કેમ કે, મઘા નક્ષત્રના સ્વામી પિતૃ હોય છે. એટલે આ શ્રાદ્ધ ખૂબ જ ખાસ હોય છે.

**૨૪ સપ્ટેમ્બર, શનિવાર-**
આ દિવસે ચૌદશનું શ્રાદ્ધ કરવામાં આવશે. આ તિથિએ તે લોકોનું શ્રાદ્ધ કરવામાં આવે છે જેમનું મૃત્યુ કોઈ હથિયારથી, ઝેર ખાવાથી અથવા દુર્ઘટનામાં થયું હોય. આત્મહત્યા કરનાર લોકોનું શ્રાદ્ધ પણ આ તિથિએ કરવાનું વિધાન છે.

**૨૫ સપ્ટેમ્બર, રવિવાર-**
આ દિવસે અમાસ રહેશે. આ પિતૃ પક્ષનો છેલ્લો દિવસ રહેશે. તેને સર્વપિતૃ મોક્ષ અમાસ કહેવામાં આવે છે. આ તિથિએ તે બધા લોકોનું શ્રાદ્ધ કરવામાં આવી શકે છે, જેમનું શ્રાદ્ધ કોઈ કારણોથી પિતૃ પક્ષમાં કરવાનું ભૂલી ગયા હોય અથવા જે લોકોની મૃત્યુ તિથિ જાણ ન હોય. આ તિથિએ કરવામાં આવતા શ્રાદ્ધથી બધા પિતૃઓ સંતુષ્ટ થઈ જાય છે.

## જન્મદિને વધામણી



પ્રેમ કનુભાઈ પ્રજાપતિ



ધ્રુવી રાકેશકુમાર જાની



દિશાન્ત ગર્ગ
મો. ૮૫૧૧૬ ૧૯૪૬૫



જલ્પા જયંતીભાઈ પટેલ
મો. ૯૪૦૮૧ ૪૩૬૩૫



પ્રાન્સી હિમાંશુ પટેલ
મો. ૯૪૨૮૫ ૦૨૫૦૫

## જીઆઈપીએસમાં પ્રિ-પ્રાઈમરી વિભાગ દ્વારા ફલાવર ડે ની ઉત્સાહભેર ઉજવણી



ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ, રાંધેજા પ્રિ-પ્રાઈમરી વિભાગ દ્વારા ફલાવર ડેની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. બાળકોને વિવિધ ફૂલોના ઉપયોગ અને રંગની જાણકારી આપવામાં આવી હતી.



ગુજરાત યોગ બોર્ડના ટ્રેનર કિનારબેન રાણા દ્વારા ચાલતા યોગવર્ગમાં ગાંધીનગર જિલ્લા યોગ કોચ હેમલતાબેન અને પતંજલિના ગુજરાત રાજયના યજ્ઞ પ્રભારી નેહાબેન વ્યાસ દ્વારા વિસ્તારથી યજ્ઞ પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.જેમાં દરેકે બહુ ઉત્સાહથી લાભ લીધો હતો.

## સેવા પખવાડિયા અંતર્ગત શહેર ભાજપ દ્વારા હિમોગ્લોબીન ચેકઅપ કેમ્પ યોજાયો



ગાંધીનગર, તા.૨૧

તા.૨૧ સપ્ટેમ્બર, બુધવારના રોજ મહાનગર ભાજપના મેડિકલ સેલ અને મહિલા મોરચા દ્વારા સેવા પખવાડિયા અંતર્ગત હિમોગ્લોબીન ચેકઅપ કેમ્પ યોજાયો હતો. મહાનગરના ૧૧ વોર્ડમાં કુલ ૧૩ સ્થાનોએ આયોજિત કેમ્પમાં ૨૨૦૦થી વધુ દીકરીઓનું હીમોગ્લોબીન લેવલ ચકાસવામાં આવ્યું હતું. જે પૈકી ત્રણને આયર્નની ટેબ્લેટ વિતરિત કરવામાં આવી હતી.



ગાંધીનગર, તા.૨૧

ડભોડા ગામે ધારાસભ્ય શંભુજી ઠાકોરની ગ્રાન્ટમાંથી ફુલજીવારા વિસ્તારમાં ગટરલાઈનનું કામ, ચાચોર નગરમાં ગાભુજી રામાજી સોલંકીના ઘર સુધી સીસી રોડનું કામ, યાદાવનગર સ્વામી શિવાનંદ આશ્રમે ગડનાળાના કામનું ખાતમુહુર્ત ધારાસભ્યના હસ્તે કરવામાં આવ્યું હતું. ડભોડા દૂધ ઉત્પાદક ડેરીના ચેરમેન ભીખાજી સોલંકીના ઘરે ભાજપના કાર્યકરો અને સરપંચ તથા ઉપસરપંચ સાથે ચર્ચા કરી આગામી સમયમાં ડભોડા ગામે ઉચ્ચતર અભ્યાસ કરવા માટે વિશાળ શૈક્ષણિક સંકુલ બનાવવાના કામનું ચિંતન કરી રૂપરેખા સમજાવી હતી.

## રાજ્ય કક્ષા કરાટે સ્પર્ધામાં ધાર્મિ પટેલને સિલ્વર મેડલ



ગાંધીનગર, તા.૨૧

ગુજરાત રાજય કરાટે ચેમ્પિયનશીપ - ૨૦૨૨ - ૧૯/૯/ ૨૦૨૨ ના રોજ જૂનાગઢ ખાતે યોજાઈ. જેમાં દરેક જિલ્લા માં ૧૧૦ રમતવીરો એ ભાગ લીધો હતો. આ સ્પધો માં દસ વર્ષની દિકરી ધાર્મિ ઉર્વેશ પટેલ સિલ્વમેડલ મેળવી સમગ્ર રાજય માં બીજોક્રમ પ્રાપ્ત કરી ગાંધીનગર જિલ્લાને ગૌરવ પ્રદાન કર્યું છે.



આ વર્ષે સેક્ટર ૩ન્યૂ માં શિવશક્તિ મંદિરે નવરાત્રિની ઉજવણી કરવામાં આવશે જેમાં નવરાત્રીમાં રોજ રાત્રે ૯:૦૦વાગ્યે આરતી, પ્રસાદ, રાસ -ગરબા, દુર્ગાષ્ટમીના દિવસે માતાજીનો યજ્ઞ જેવા ધાર્મિક કાયક્રમો વસાહતી ભાઈબહેનો માટે શિવશક્તિ મંદિરના ટ્રસ્ટીઓ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે જેમાં વસાહતી પરિવારોને આમંત્રણ આપવામાં આવ્યું છે.

## પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં બ્યુટીફીકેશન વોકેશનલ કોર્સ



ગાંધીનગર, તા.૨૧

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં કાર્યરત હોમ સાયન્સ વિભાગ અને સીડબલ્યુડીસી અંતર્ગત સરકાર માન્ય સંસ્થા ફાગુન ફાઉન્ડેશનના સંયોગથી એક માસના વોકેશનલ કોર્ષનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોર્સના ઉદઘાટન પ્રસંગે આચાર્ય ડો.એમ.એમ.ચૌધરીએ મહેમાનોનું સ્વાગત કરી આજના સમયમાં રોજગારલક્ષી તાલીમ અને હુનર કલા પર ભાર મુકયો હતો. આ પ્રસંગે ફાગુન ફાઉન્ડેશનના ચેરમેન હરપાલસિંહ રાઠોડ બ્યુટીપાર્લર ઈન્સ્ટ્રકટર પ્રકાશબા બિહોલા, વોકેશનલ કોર્સના કોઓર્ડીનેટર ડો.હેમાંગીની વાઘેલા ઉપસ્થિત રહયા હતા. બહોળી સંખ્યામાં વિદ્યાર્થીનીઓએ આ કોર્સમાં ભાગ લઈને કૌશલ્ય વર્ધન, કલા કામગીરી કરશે અને ઘરે બેઠાં રોજગારની તક નજીવી ફીમાં પ્રાપ્ત કર્યું હતું.

## એસ.કે.પટેલ સ્કૂલમાં શિક્ષકદિનની ઉજવણી



સેક્ટર-૨૩ એસ. કે.પટેલ કે.જી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી. જેમાં નર્સરી, જુનિયર અને સિનિયરના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં છોકરાઓ એ પેન્ટ શર્ટ અને છોકરીઓ સાડી પેહરીને શિક્ષકાનો રોલ અદા કર્યો હતો. અને નાના નાના ભૂલકાંઓએ ઓનલાઈન ક્લાસમાં શિક્ષકાનો રોલ ભજવીને આનંદ પ્રાપ્ત કર્યો હતો.

## જલારામ મંદિરના દર્શન તથા આરતીના સમયમાં ફેરફાર

તા. ૨૦-૯-૨૦૨૨નો મંગળવાર, ભાદરવા વદ-૧૦થી શ્રી જલારામ ધામ, સે. ૨૯ ખાતે શ્રી જલારામ મંદિરની આરતી તથા દર્શન સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. શ્રી જલારામ મંદિર ખુલવાનો સમય સવારે ૬.૦૦ કલાકે, શ્રી રામેશ્વર મહાદેવની આરતીનો સમય સવારે ૬.૩૦ કલાકે, શ્રી જલારામ બાપાની આતીનો સમય સવારે ૬.૪૫ કલાકે, શ્રી રામેશ્વર મહાદેવની સંધ્યા આરતી સાંજના ૬.૪૫ કલાકે, શ્રી જલારામ બાપાની સંધ્યા આરતી સાંજના ૭.૦૦ કલાકે, મંદિર દર્શનનો સમય સવારે ૬.૦૦ થી ૧૨.૩૦, સાંજે ૪.૩૦ થી ૮.૩૦ સુધીનો રહેશે.

## શંકરસિંહ વાઘેલા ઈન્સ્ટીટયુટ ઓફ નર્સિંગ ખાતે કાનૂની શિબિરનું આયોજન



ગુજરાત રાજય કાનુની સેવા સત્તામંડળ તથા જિલ્લા કાનુની સેવા સત્તામંડળના ઉપક્રમે કાનુની શિબિરનું આયોજન શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટયુટ ઓફ નર્સીંગ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં કોર્ટ પેરા લીગલ વોલેન્ટીયર સુધીર દેસાઈ દ્વારા ઉપસ્થિત નર્સીંગના વિદ્યાર્થીઓને પૂર્વ ગર્ભધાન અને પ્રસવપૂર્વ નિદાન ટેકનીક રીતો અધિનિયમ ૧૯૯૪ એટલે કે પીસીપીએનડીટી એકટ ૧૯૯૪ સમજાવી તે અંગે પૂર્ણ સમજ અને તેના સંપૂર્ણ પાલનની જરૂરિયાત અંગે માર્ગદર્શન આપ્યું હતું જેથી પુરુષ સ્ત્રી બાળક રેશિયો બરાબર જળવાઈ રહે જે સમગ્ર માનવ જાતિના હીતમાં છે. આ શિબિરમાં લીગલ વોલેન્ટીયર પ્રવિણભાઈ બરોલીયા તેમજ પ્રિન્સીપાલ અને સમગ્ર ફેકલ્ટી મેમ્બરો ઉપસ્થિત રહયા હતા.

## સે. ૧૬ ખાતે ૨૪મીએ ફરસી દીક્ષાનું આયોજન

ગાંધીનગર, તા. ૨૧

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ (રાજયકક્ષા) ગાંધીનગર દ્વારા સમગ્ર ગાંધીનગર શહેર તથા જિલ્લાના ભૂદેવો માટે ગાંધીનગરના ઈતિહાસમાં સૌ પ્રથમવાર ભવ્યથી ભવ્ય ફરસી દીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. સાથોસાથ શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજયકક્ષાના ટ્રસ્ટી યજ્ઞેશભાઈ દવે કે જેમને ભારતીય જનતા પાર્ટી દ્વારા બહુચરાજી મંદિરના ટ્રસ્ટી તરીકે નિમણૂંક આપવામાં આવી છે તે અંગેનો સન્માન સમારોહ યોજાવાનો છે. જે ૨૪ તારીખને શનિવારે સાંજે ૫.૩૦ કલાકે સેક્ટર-૧૬ રંગમંચ ખાતે યોજાશે.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- **સ્વ.જોષી ઈન્દુમતીબેન પ્રભાશંકર** ઉ.વ.૯૦, સેકટર-૧૪
- **સ્વ.રબારી ધરમશીભાઈ ગણેશભાઈ** ઉ.વ.૩૬, પેથાપુર
- **સ્વ.વાઘેલા ગલાબબા લક્ષ્મણસિંહ** ઉ.વ.૧૦૦, લેકાવાડા
- **સ્વ.દિક્ષિત રાહુલ હરમંગલસિંહ** ઉ.વ.૨૭, બાવલુ, કડી

**● રૂદ્રભૂમિ ●**

- **સ્વ.મહેતા ભદ્રાબેન અજીતરાય** ઉ.વ.૮૪, સેકટર-૧